વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

સ્મૃતિપત્ર

# પરિપત્ર

## વર્ષ ૨૦૨૫ દરમ્યાન મંજૂર થયેલ ખેડૂતોપયોગી સંશોધન ભલામણો મોકલવા બાબત...

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓને જણાવવાનું કે, દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ગુજરાતી ભાષામાં **''ખેડૂતોપયોગી સંશોધન ભલામણો–૨૦૨૫''** પુસ્તિકાનું પ્રકાશન કરવાનું થાય છે. આ માટે વર્ષ, ૨૦૨૫ દરમ્યાન ૨૧મી કમ્બાઈન્ડ જોઈન્ટ એગ્રેસ્કો મિટીંગમાં મંજૂર થયેલ ખેડૂતોપયોગી સંશોધન ભલામણોની વિગત નીચે દર્શાવેલ નમૂના મુજબના ફોર્મેટમાં મોકલી આપવાની રહેશે. ભલામણોનું લખાણ ભાષાકીય રીતે શુધ્ધ અને તાંત્રિક રીતે ક્ષતિ રહિત હોવાની ખાત્રી કરીને પછી જ મોકલવું. આ લખાણ ગુજરાતી ભાષા (Shruti, Font size-12, word file)માં તૈયાર કરીને અત્રેની કચેરીના ઈ–મેઈલ **tvs@nau.in** પર **તા૧૪/૦૯/૨૦૨૫** સુધીમાં અચૂક મોકલી આપવા વિનંતી છે.

**નમૂનો દા.ત.**

| |
|---|
| **ભલામણનુ શિર્ષકઃ વરીપાકમાં સેન્દ્રિય ખાતરોનો પ્રતિસાદ** |
| **ભલામણની વિગતઃ** દક્ષિણ ગુજરાતના વધુ વરસાદવાળા ખેત આબોહવાકીય વિસ્તારમાં વરીની ખેતી કરતાં ખેડુતોને વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવવા માટે ૪૦ કિગ્રા નાઈટ્રોજન/હે છાણિયા ખાતર (૮ થી ૯ ટન/હે.) અથવા બાયોકમ્પોસ્ટ (૩ ટન/હે.) મારફત તેમજ એઝેટોબેકટર અને પી.એસ.બી. દરેક ૨ લિટર/હે. ધરુ ચોંટી ગયા બાદ તુરંત જમીનમાં આપવાની ભલામણ કરવામાં આવે છે. |
|  |
| [ભલામણવર્ષઃ ૨૦૨૫, સહ પ્રાધ્યાપક, સસ્ય વિજ્ઞાન વિભાગ, કૃષિ મહાવિધાલય, ન.કૃ.યુ., વઘઈ] |

આ પરિપત્ર માન.કુલપતિશ્રીની મંજૂરીથી યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં..નકૃયુ/વિશિનિ/ડી.૧/૨૪૧૬/૨૦૨૫.
નવસારી. તારીખઃ ૧૧/૦૯/૨૦૨૫.

**નકલ સવિનય રવાનાઃ–**
અત્રેની યુનિવર્સિટીના તમામ વિભાગીય વડાશ્રી તેમજ સંશોધન એકમના વૈજ્ઞાનિકશ્રીઓ તરફ જાણ તથા યોગ્ય થવા સારું.